ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૭ નવેમ્બર ૨૦૨૫



આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આસપાસ ગોપાસ

૫૯૧ હેક્ટરથી વધુ વિસ્તારમાં પથરાયેલું વિકસિત ગામ

વઘાસી

સાત સદીનો ભવ્ય ઇતિહાસ ધરાવતું વઘાસી ગામ આધુનિક ગ્રામ્ય વિકાસની કેડી કંડારી રહ્યું છે

આણંદ તાલુકાના જિલ્લા મથકથી આશરે ચાર કિલોમીટરના અંતરે આવેલું વઘાસી ગામ સાતેક સદી જૂની પરંપરા અને આધુનિક વિકાસનો સમન્વય ધરાવતું ગામ છે. રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોની નિકટતા તેમજ આણંદ શહેરની નજીક હોવાના કારણે ગામને ભૌગોલિક અને આર્થિક દૃષ્ટિએ વિશેષ લાભ મળ્યો છે. સાતસો વર્ષના વારસાની ઓળખ જાળવીને ગામ આજે શિક્ષણ, ખેતીવાડી અને નાગરિક સુવિધાઓના ક્ષેત્રે વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે. ગામના ઇતિહાસ અંગે સ્થાનિક વડીલો પાસેથી મળતી માહિતી મુજબ, વઘાસીના પૂર્વજોનું મૂળ વતન અડાલજ હોવાનું મનાય છે. ત્યાંથી ત્રણ ભાઈઓ આ વિસ્તારમાં આવ્યા હતા. તેમાંથી બે ભાઈઓએ વઘાસીમાં વસવાટ કર્યો હતો, જ્યારે અન્ય ભાઈઓ કાઠિયાવાડ તરફ સ્થળાંતરિત થયા હતા. ગામના નામના આધારે સ્થળાંતરિત થયેલા પરિવારો વઘાસિયા અટકથી ઓળખાયા હોવાની લોકવાયકા છે, જ્યારે વઘાસીમાં જ સ્થાયી રહેલા પરિવારો મુખ્યત્વે પટેલ તરીકે ઓળખાય છે. પેઢી દર પેઢી સચવાયેલી આ મૌખિક પરંપરા ગામના ભૂતકાળની રસપ્રદ ઓળખ બની રહી છે. વઘાસીમાં પાટીદાર અને ક્ષત્રિય (દરબાર) સમાજની મુખ્ય વસ્તી છે. આ ઉપરાંત અન્ય પછાત વર્ગો અને વિવિધ જ્ઞાતિના પરિવારો પણ વર્ષોથી પરસ્પર ભાઈચારા અને સામાજિક સુમેળ સાથે વસવાટ કરે છે. ખેતીવાડી ગામની પરંપરાગત આર્થિક ઓળખનો મહત્ત્વનો આધાર છે. સિંચાઈની ઉપલબ્ધતા અને ખેતીલાયક જમીન ગામની કૃષિ આધારિત પ્રવૃત્તિઓને વેગ આપે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગામમાં ૫,૩૧૨ની વસ્તી અને ૧,૧૬૮ જેટલાં રહેણાક મકાનો નોંધાયાં હતાં. શહેરની નજીક હોવાના કારણે શિક્ષણ, આરોગ્ય, પરિવહન અને રોજગારની વિવિધ તકોનો લાભ ગ્રામજનોને મળી રહ્યો છે. ગામમાં માર્ગ અને પરિવહન જોડાણની સુવિધાઓ પણ વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ, સાતેક સદીની પરંપરા, પૂર્વજોના વારસાની જાળવણી, સામાજિક એકતા અને બદલાતા સમય સાથે આધુનિકતાનો સ્વીકાર વઘાસીને આણંદ તાલુકાના વિશેષ ઓળખ ધરાવતા ગામોમાં સ્થાન અપાવે છે.

અડાલજથી આવેલા પૂર્વજોએ વસાવ્યું હોવાની લોકવાયકા, પાટીદાર અને ક્ષત્રિય સમાજની બહુલતા સાથે વિવિધ સમાજો વચ્ચે સામાજિક એકતાની આગવી ઓળખ



વઘાસી ટાઉન ટોક

-: વઘાસી ગામનો પરિચય :-

ગામના કુંટુંબોની કુલ સંખ્યા	1168
કુલ વસ્તી	5312
કુલ પુરૂષો	2779
કુલ સ્ત્રીઓ	2533

-: સાક્ષરતા દર :-

કુલ સાક્ષરતા દર	86.16
પુરૂષ સાક્ષરતા દર	95.08
સ્ત્રી સાક્ષરતા દર	76.57

-: ખેડૂતો :-

ખેડૂતો	191
ખેત મજૂર	766
સીમાંત વર્ગ	150

-: બીપીએલ :-

બીપીએલ કુટુંબ (0 થી 16)	65
બીપીએલ કુટુંબ (17 થી 20)	326

-: પશુધન :-

પશુધન	1412
ગાય	516
ભેંસ	850
અન્ય	46

-: જમીન ક્ષેત્રફળ :-

591 હેક્ટર 30 આરે 91 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 06 હેક્ટર 95 આરે 03 ચો.મી.

-: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

-: શૈક્ષણિક સગવડ :-

પ્રાથમિક શાળા	02
માધ્યમિક શાળા	01
ઉચ્ચ.માધ્ય. શાળા	00
વિદ્યાર્થીઓ	510

-: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 2300

-: વીજળીકરણ :-

રહેણાંક વીજ જોડાણ	2300
ઔદ્યોગિક વિષયક જોડાણ	28
ખેતી વિષયક જોડાણ	74

-: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 1600

-: સામાજિક સુરક્ષાની વિગતો :-

NFSA કાર્ડ ધારકો	176
BPL કાર્ડ ધારકો	256
APL કાર્ડ ધારકો	524
અંત્યોદય કાર્ડ ધારકો	51

-: યોજનાકીય લાભાર્થીઓ :-

વૃદ્ધા પેન્શન	15
વિધવા સહાય	130
આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો	06
ઉજ્જવલા યોજનાના લાભાર્થી	67

વઘાસીના વિકાસમાં સેવાભાવી પરિવારોની સખાવતથી ગામની સુવિધાઓમાં વધારો

આણંદ તાલુકાનું વઘાસી ગામ ઐતિહાસિક વારસા, સામાજિક એકતા અને આધુનિક સુવિધાઓની સાથે સેવાભાવી દાતાઓની ઉદાર સખાવત માટે પણ આગવી ઓળખ ધરાવે છે. ગામના સર્વાંગી વિકાસમાં ગ્રામ પંચાયત અને સરકારી યોજનાઓની સાથે દાતાઓ તથા સેવાભાવી પરિવારોનું યોગદાન પણ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ગામના વિકાસમાં સહભાગી બનવાની ભાવના સાથે દાતાઓ સમયાંતરે જનસુખાકારીનાં વિવિધ કાર્યો માટે ઉદાર હાથે દાન આપી પોતાની સામાજિક જવાબદારી નિભાવી રહ્યા છે.

ગામની ઓળખ અને સુવિધાઓમાં દાતાઓનો સહયોગ

વઘાસીમાં ગામના પ્રવેશદ્વારના નિર્માણથી લઈને સમાજવાડીઓ અને વિવિધ ધાર્મિક સ્થળોના નિર્માણ તથા વિકાસમાં દાતાઓએ સહયોગ આપ્યો છે. ગામમાં પ્રવેશદ્વાર માત્ર આવકારનું પ્રતીક નથી, પરંતુ ગામની આગવી ઓળખ અને ગૌરવને પણ ઉજાગર કરે છે. સમાજવાડીઓ સામાજિક પ્રસંગો, સમૂહલગ્નો, બેઠકો અને અન્ય સામૂહિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગી બની રહી છે. વિવિધ સ્થળોએ ગ્રામજનો અને મુલાકાતીઓ માટે બેસવાની વ્યવસ્થા ઊભી કરવામાં પણ દાતાઓએ યોગદાન આપ્યું છે.

પ્રવેશદ્વારથી સમાજવાડી અને શૈક્ષણિક સંસ્થાઓ સુધી દાનની સરવાણી, વતન પ્રત્યેની લાગણી અને સામાજિક જવાબદારી નિભાવતા દાતાઓ



શિક્ષણ અને બાળકોના ભવિષ્ય માટે પણ દાનની સરવાણી

ગામની શૈક્ષણિક સંસ્થાઓને વધુ સુવિધાસભર બનાવવા તેમજ વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંતોષવા માટે પણ સમયાંતરે દાન આપવામાં આવે છે. શાળાઓમાં જરૂરી સાધનો, શૈક્ષણિક સુવિધાઓ અને બાળકોના હિતને લગતી જરૂરિયાતો પૂર્ણ કરવામાં દાતાઓનો સહયોગ મહત્ત્વનો બની રહે છે. શિક્ષણ ક્ષેત્રે થતું આ પ્રકારનું દાન માત્ર વર્તમાન વિદ્યાર્થીઓને જ નહીં, પરંતુ આવનારી પેઢીના ઘડતરને પણ મજબૂત બનાવે છે.

વતન પ્રત્યેની લાગણીથી સેવાકાર્યોને પ્રોત્સાહન

ગામમાં રહેતા હોય કે રોજગાર-વ્યવસાય અર્થે અન્યત્ર સ્થાયી થયા હોય, વતનના વિકાસમાં યોગદાન આપવાની ભાવના અનેક પરિવારોમાં જોવા મળે છે. પોતાની આવકનો કેટલોક હિસ્સો ગામની જાહેર સુવિધાઓ અને સામાજિક કાર્યો માટે સમર્પિત કરવાની આ પરંપરા ગામની એકતાને વધુ મજબૂત બનાવે છે. આમ, વઘાસીના વિકાસમાં સરકારી આયોજનની સાથે દાતાઓની ઉદારતા અને સેવાભાવી પરિવારોની સામાજિક પ્રતિબદ્ધતા પણ મહત્ત્વનો આધાર બની છે. પોતાની જન્મભૂમિ પ્રત્યેની લાગણીને સેવાકાર્યમાં પરિવર્તિત કરતા દાતાઓની સખાવત ગામની સમૃદ્ધિ અને સામૂહિક વિકાસની પ્રેરણાદાયી ઓળખ બની રહી છે.

શિક્ષિત યુવાનોની વિવિધ ક્ષેત્રે ફરજ બજાવી ગામનું ગૌરવ વધારી રહ્યા છે

આણંદ તાલુકાનું વઘાસી ગામ ખેતીવાડી અને આધુનિક સુવિધાઓની સાથે શિક્ષણ તથા રોજગાર ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. ગામના શિક્ષિત યુવાનો વિવિધ સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં પોતાની ક્ષમતા અને કૌશલ્યના આધારે સફળતા મેળવી વતનનું ગૌરવ વધારી રહ્યા છે. ગામના ૧૫૦ કરતાં વધુ વતનીઓ વિવિધ સ્થળોએ અલગ-અલગ હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે. તેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપતા કર્મચારીઓ ઉપરાંત વિવિધ કંપનીઓમાં કાર્યરત એન્જિનિયરોનો સમાવેશ થાય છે. આ સાથે વીજ કંપનીમાં વાયરમેન, પોસ્ટમાસ્તર, તલાટી અને પ્રાધ્યાપક જેવા હોદ્દાઓ પર પણ ગામના યુવાનો પોતાની સેવાઓ આપી રહ્યા છે. ગામની પ્રગતિમાં માત્ર કાર્યરત કર્મચારીઓ જ નહીં, પરંતુ નિવૃત કર્મચારીઓનું યોગદાન અને તેમનો અનુભવ પણ મહત્ત્વ ધરાવે છે. વઘાસીના ૬૦ કરતાં વધુ વતનીઓ વિવિધ ક્ષેત્રોમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે. વર્ષો સુધી ફરજ બજાવી ચૂકેલા આ વડીલોનો અનુભવ અને માર્ગદર્શન નવી પેઢીના યુવાનો માટે પ્રેરણારૂપ બની શકે છે.

